**By R.P.A.D.**

ક્રમાંક:પ્રાશિનિ/ખ-૨/સ્થળ ફેર-૪૧/૨૦૨૫/૪૬૪૦-૪૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, તા. ૧૬/૦૯/૨૦૨૫
૧૭

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:KSH/46/KHPASH/112020/S.F.26/CH તા.૧૪/૧૨/૨૦૨૧

(૨) જિ.પ્રા. શિ.અ. મહેસાણાનો પત્ર ક્રમાંક: જા.નં.જિશિસ/શિક્ષણ/વશી/૩૧૨/૨૦૨૫, તા. ૨૩/૦૬/૨૦૨૫

(૩) શાળા મંડળનો સ્થળ ફેરફાર અંગેનો ઠરાવ ક્રમાંક: નં.દુરડા/૮૦, તા. ૨૭/૦૬/૨૦૨૫

(૪) શાળા મંડળનો તા. ૧૫/૦૯/૨૦૨૫નો પત્ર

**કચેરી આદેશ :**

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, મહેસાણાનાં વંચાણ–૨ દર્શિત દરખાસ્તથી શ્રી દુધસાગર રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન, મહેસાણા સંચાલિત શ્રી મોતીભાઈ આર ચૌધરી સાગર સૈનિક સ્કુલ. C/O, MIDFT, દૂધસાગર ડેરી કેમ્પસ, હાઈ વે રોડ, મહેસાણા (ધો. ૬ થી ૮, અંગ્રેજી માધ્યમ) ખાનગી પ્રાથમિક શાળાના સ્થળ ફેરફારની નિયત કરેલ ચેકલીસ્ટ મુજબના આધારો સાથે દરખાસ્ત રજુ થયેલ છે.

અત્રે રજુ થયેલ દરખાસ્તના ચેકલીસ્ટમાં સંબંધિત જિલ્લા અધિકારીશ્રીના મળેલ અભિપ્રાય સહ તમામ બાબતો ધ્યાને લેતાં શિક્ષણ વિભાગના વંચાણ-૧ના જાહેરનામાંથી મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ના નિયમ-૧૦૬(ક)(૫) હેઠળ મળેલ સત્તાની રૂએ શ્રી દુધસાગર રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન, મહેસાણા સંચાલિત શ્રી મોતીભાઈ આર ચૌધરી સાગર સૈનિક સ્કુલ. C/O, MIDFT, દૂધસાગર ડેરી કેમ્પસ, હાઈ વે રોડ, મહેસાણા (ધો. ૬ થી ૮, અંગ્રેજી માધ્યમ)ને નીચેની વિગતે તથા જણાવેલ શરતોને આધિન સ્થળ ફેરફાર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| શાળાનું હાલનું સરનામું | શાળાનું નવું સરનામું |
|---|---|
| શ્રી મોતીભાઈ આર ચૌધરી સાગર સૈનિક સ્કુલ.<br>C/O, MIDFT, દૂધસાગર ડેરી કેમ્પસ, હાઈ વે રોડ, મહેસાણા | શ્રી મોતીભાઈ આર ચૌધરી સાગર સૈનિક સ્કુલ<br>મુ.પો. બોરીયાવી, તા.જિ. મહેસાણા- ૩૮૪૪૩૫ |

**શરતો:**

(૧) શાળા સંચાલક મંડળે તમામ શિક્ષકો અને વિધાર્થીઓને સમાવવાના રહેશે.

(૨) શાળા સંચાલક મંડળે સરકારશ્રીના નિયમો, પરિપત્રો, અને જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) તાલીમી શિક્ષકોની નિમણુંક કરવાની રહેશે.

(૪) શિક્ષકોના પગારની ચૂકવણી પ્રવર્તમાન નિયમો અનુસાર બેંક મારફત કરવાની રહેશે.

(૫) શાળાના વહીવટી, નાણાંકીય, કાયદાકીય અને જુના તમામ હક્કદાવા અને પડતર કેસોની જવાબદારી શાળા મંડળની રહેશે.

(૬) સ્કુલ સેફ્ટી પોલીસી-૨૦૧૬ તથા આર.ટી.ઇ. અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત આર.ટી.ઇ. રૂલ્સ-૨૦૧૨નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) જુના તમામ નામો/સ્થળની જવાબદારી શાળાએ સ્વિકારવાની રહેશે તથા વર્તમાનપત્રોમાં શાળાના નવા નામ/સ્થળ ફેરફાર સંબધી મુખ્ય વર્તમાનપત્રોમાં જાહેરાત આપી તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

(૮) શાળા મંડળએ સદર મળેલ મંજુરી અન્વયે નવા નામ/સ્થળ મુજબનો UDISE માં સુધારો કરી લેવાનો રહેશે.

(૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ ચેકલિસ્ટ મુજબના રજુ કરેલ આધારોની સત્યર્થા ચકાસણી કરેલ હોય જેથી ભવિષ્યમાં આ અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો, તે અંગેની જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

(ડૉ. એમ. આઇ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

**પ્રતિ,**

- પ્રમુખ/ટ્રસ્ટીશ્રી, શ્રી દુધસાગર રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન, મહેસાણા **(મારફતે જિ.પ્રા.શિ.અ. મહેસાણા)**
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા તરફ આનુષાંગિક કાર્યવાહી કરવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ.